# ચિત્રલેખા

*1950*થી સદા અગ્રસર


૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ | ₹ ૫૫

chitralekha.com

COMPLIMENTARY AHMEDABAD

ટીચર્સ ડેઃ ડિજિટલયુગમાં ગુરુ-શિષ્યની નવી વ્યાખ્યા





## જ્ઞાનમંદિરમાં લોહીની છોળ... કોણ ભણાવે છે આવતી કાલના નાગરિકોને હિંસાના પાઠ?

# કેવી રીતે કુમળા માનસમાં જંગલી છોડની જેમ ઊગી રહી છે હિંસાની કાંટાળી વેલ?

બાળપણ એ નિર્દોષતા અને સપનાંનો પર્યાય ગણાય છે, પરંતુ આજે કોમળ માનસમાં હિંસાની કાંટાળી વેલ ધીમે ધીમે પાંગરતી જાય છે. ગુજરાત જ નહીં, પણ દેશભરમાં ગાજી ગયેલો અમદાવાદની ‘સેવન્થ ડે સ્કૂલ’નો કિસ્સો તાજો છે. ગેજેટ્સનો તેજ પ્રકાશ, વર્ચ્યુઅલ રમતોની આક્રમકતા, સંયુક્ત કુટુંબની લુપ્ત થતી જતી પરંપરા અને સોશિયલ મિડિયા પર ફેલાતી અનિયંત્રિત અસર બાળકોના સ્વભાવમાં કઠોરતા ઘુસાડે છે. જો સમયસર સંવેદનાનું સીંચન ન થાય તો આ કાંટાળી વેલ બાળકના વ્યક્તિત્વને જકડી લેશે, શાળા–કૉલેજોમાં ઝઘડા, તિરસ્કાર, ધાક–ધમકી, હિંસા વધારશે. અહીં બાળમાનસના વિવિધ અભ્યાસુઓ આપે છે આ ગંભીર સમસ્યાનો સચોટ ઉકેલ.

હેતલ રાવ (અમદાવાદ)



અમદાવાદની એક શાળામાં આઠમા ધોરણમાં ભણતા કબીરને ડાયરી લખવાની ટેવ. છેલ્લા થોડા સમયથી ડાયરીનાં પાનાં પર એ માત્ર પીડાના શબ્દો જ આલેખતો...

એ રોજ મારી સાથે શારીરિક અડપલાં કરે છે. કોઈને કહીશ તો મારી નાખવાની ધમકી આપે છે. હું કોને કહું? ડર છે કે મિત્રો દૂર થઈ જશે, મા-બાપ શું વિચારશે? બધા મને બાયલો કહેશે. કેટલું સહન કરું? થાય છે કે એને મારી નાખું, પણ એમ કરી નથી શકતો. હવે જાત પર ગુસ્સો આવે છે. કંઈ ગમતું નથી. શાળા જ સૌથી મોટી દુશ્મન લાગે છે. કોઈ સજા કરો એને... કોઈ મદદ કરો મારી!

કબીરની માતાને આ ડાયરી મળી તો એ હચમચી ગઈ. માતા-પિતા તરત શાળાએ પહોંચ્યાં. કબીરને હેરાન કરનારો એના જ વર્ગનો આઠમા ધોરણનો વિદ્યાર્થી હતો. એનાં મા-બાપને બોલાવવામાં આવ્યાં. આચાર્યએ શાળાની બદનામી થશે કહીને વાત પોલીસ સુધી જતાં અટકાવી. નઠારા વિદ્યાર્થીને વૉર્નિંગ આપી છોડી દીધો. આ અન્યાયથી કબીર ભાંગી ગયો. એણે શાળાએ જ જવાનું બંધ કરી દીધું. મા-બાપે બીજી શાળામાં ઍડ્‌મિશન કરાવ્યું, પણ કબીરને જૂના ઘાની કળ વળી નથી. અમદાવાદની જાણીતી શાળામાં બનેલી આ હકીકત છે.

અત્યારે અમદાવાદની સેવન્થ ડે સ્કૂલનો કિસ્સો ગાજી રહ્યો છે. માત્ર ધક્કામુક્કી પરથી શરૂ થયેલા ઝઘડામાં આઠમા ધોરણના વિદ્યાર્થીએ દસમા ધોરણના સ્ટુડન્ટને છરી મારી દીધી, જેને કારણે એનું મોત થયું. આ જ અરસામાં ભાવનગરની ફાતિમા કૉન્વેન્ટ સ્કૂલમાં પણ એક વિદ્યાર્થીએ સહપાઠીને હાથમાં છરી લઈને ધમકાવ્યો. સમયસૂચકતા રાખી આચાર્યએ એની બૅગમાંથી છરી જપ્ત કરી.

છેલ્લા થોડા સમયથી ગુજરાતનાં સ્કૂલી બચ્ચાંઓની આક્રમકતા ચકચારનો વિષય બની છે, જેમ કે...

- મહીસાગરના બાલાસિનોરની શાળામાં બે વિદ્યાર્થીઓ વચ્ચે બોલાચાલી થતાં એક વિદ્યાર્થીએ ચપ્પુથી વિદ્યાર્થી પર હુમલો કર્યો.

- ભૂજની વી.ડી. હાઈ સ્કૂલમાં અગિયારમા ધોરણના વિદ્યાર્થીઓએ ૧૦મા ધોરણના વિદ્યાર્થીને પંચ અને કડાથી માર મારતાં એ લોહીલુહાણ થયો.








ધક્કામુક્કીમાંથી શરૂ થયેલા ઝઘડામાં અમદાવાદની 'સેવન્થ ડે સ્કૂલ'ના એક વિદ્યાર્થીએ બીજાને છરી મારી દીધી, જેને કારણે એનું મોત થયું. એ પછી સ્કૂલમાં પ્રવર્તતા આવા માહોલ સામે જનઆક્રોશ ફાટી નીકળ્યો.







નાનપણથી લાગી જતી મોબાઈલ ફોનની આદત ઉંમર સાથે વધતી જાય. એમાં યુવાનોનો સમાજ સાથેનો સંપર્ક તૂટી જાય છે.

– ગાંધીધામમાં વિદ્યાર્થીનાં બે જૂથની મારામારીનો વિડિયો વાઈરલ...

– ભૂજની *સંસ્કાર સ્કૂલ ઍન્ડ કૉલેજ*ના પ્રવેશદ્વાર નજીક જ ૧૯ વર્ષી વિદ્યાર્થિની અને બાવીસ વર્ષી યુવક પર છરીથી હુમલો થયો, જેમાં વિદ્યાર્થિની સાક્ષી ખાનિયાનું મોત થયું.

– સુરતની *તોલાણી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ*ના પાર્કિંગ એરિયામાં બેઠેલા વિદ્યાર્થીઓને પ્રિન્સિપાલે ઘરે જવા સમજાવતાં ગુસ્સે ભરાયેલા વિદ્યાર્થીએ આચાર્ય પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો...

આ બધી ઘટનાની સત્તાવાર ફરિયાદ થતાં એ સામે આવી, પરંતુ પોલીસચોપડે ન નોંધાયેલા કિસ્સાઓની સંખ્યા પણ ખાસ્સી મોટી છે. અલબત્ત, ગુજરાત બહાર પણ આવી અનેક ચોંકાવનારી ઘટના હમણાં સાંભળવા મળી. મધ્ય પ્રદેશના નરસિંહપુરમાં વિદ્યાર્થીએ એની સામે થયેલી ફરિયાદનો બદલો લેવા શિક્ષિકાને પેટ્રોલ છાંટી સળગાવી દીધી... તો ઉત્તરાખંડના કાશીપુરમાં નવમા ધોરણના વિદ્યાર્થીએ લંચબૉક્સમાં રિવૉલ્વર છુપાવી શિક્ષકને ગોળી મારી દીધી... ઉત્તર પ્રદેશના ગાઝીપુરમાં વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી મારામારીમાં એક સ્ટુડન્ટને ચાકુના ઘા વાગતાં એનું મોત થયું.

આજે બાળકો-કિશોરોનું હિંસક વલણ હવે સમાજ માટે ગંભીર ચિંતાનો વિષય બની ગયું છે. ગુજરાતની જ વાત કરીએ તો, આવી હિંસક ઘટનાઓએ ભયનું વાતાવરણ ખડું કર્યું છે. આવી ઘટના બને ત્યારે માતા-પિતાને ડર સતાવે કે *મારા બાળક સાથે તો આવું નહીં થાય ને?*

શા માટે આજનાં બાળકો આટલાં હિંસક બની રહ્યાં છે? નાની નાની બાબતોમાં એ શા માટે આટલાં ઉગ્ર થઈ જાય કે હત્યા જેવું ગંભીર પગલું ભરતાં પણ અચકાતાં નથી?

આનો જવાબ આપતાં અમદાવાદસ્થિત સમાજશાસ્ત્રી ગૌરાંગ જાની *ચિત્રલેખા*ને કહે છેઃ ‘બાળકો સ્વભાવથી નિર્દોષ હોય છે, પરંતુ આજના સમયમાં એમની નિર્દોષતા પર સમાજે ઊભું કરેલું હિંસાનું વાતાવરણ ભારે પડી રહ્યું છે. ઘરમાં અને ઘરબહાર, બાળકો બધે હિંસા જોઈ રહ્યાં છે. ઘરેલુ ઝઘડા-મારપીટ, બહાર મારામારી, વિશ્વકક્ષાએ યુદ્ધનાં દશ્યો... આ બધું જોઈને બાળક એવું સમજતું થઈ જાય છે કે કોઈ પણ સમસ્યાનો ઉકેલ *હિંસા* છે.’

એ ઉમેરે છે કે આજે બાળકો પર આગળ વધવાનું દબાણ છે. નાનપણથી જ હરીફાઈમાં આગળ રહેવાની દોડ, યેનકેન પ્રકારેણ સફળતા મેળવવાનું ઝનૂન, ટીવી-મોબાઈલમાં જોવાતી અશ્લીલતા-હિંસક દશ્યો એમનાં બાળમાનસને અસર કરે છે. બીજી બાજુ, વાતચીત અને સંવેદનશીલ માર્ગદર્શનનો પણ અભાવ છે. શાળામાં શિક્ષકો પોતાની ફરજ ભણતર પૂરતી જ સીમિત રાખે છે. ધર્મ અને જાતિના આધારે બાળકોને અલગ પાડતી શૈક્ષણિક પ્રણાલી પણ ભેદભાવ ઊભા કરી રહી છે. પરિણામે બાળકના મનોજગતમાં હિંસાની છાપ ઊંડાઈ રહી છે. આજે દેખાતી હિંસા ફક્ત ઝઘડા કે હુમલા સુધી સીમિત નથી, પરંતુ બાળકોનાં નિર્દોષ મનમાં ઊગી રહેલી આ હિંસક માનસિકતા ભવિષ્ય માટે ગંભીર ચેતવણી સમાન છે.


આક્રમક સ્વભાવનાં બાળકો માટે ઘરમાં તોડફોડ, શાળામાં મારપીટ અને અપશબ્દોનો ઉપયોગ હવે સામાન્ય થઈ પડ્યા છે. આવા સંજોગમાં કયું બાળક ભવિષ્યમાં હિંસક બની શકે એનો અંદાજ મેળવવો મુશ્કેલ છે.

અમદાવાદની એક શાળાના વિદ્યાર્થી વિરાજનું વર્તન રમતના મેદાનથી લઈને વર્ગખંડના ખૂણા સુધી ચર્ચાનો વિષય હતું. એ શાળામાં ગાળો બોલવા માટે પંકાયેલો હતો. એટલું જ નહીં, જો કોઈ સહાધ્યાયી એની સામે બોલવાની હિંમત કરે તો એ એને ઈન્ટરનેટ પર બદનામ કરવાની અને મારવાની ધમકી આપતો. ફરિયાદોનું પ્રમાણ વધવા લાગ્યું, શાળાને આ મામલે ગંભીરતાથી વિચારવું પડ્યું. શાળાના આચાર્યએ વિરાજનાં માતા-પિતાને બોલાવી વિરાજને મનોચિકિત્સક પાસે લઈ જઈને ટ્રીટમેન્ટ કરાવવા કહ્યું.


અન્ય એક કિસ્સો તો ચોંકાવનારો છે. નવમા ધોરણમાં અભ્યાસ કરતો અર્જુન શાળાના લેડીઝ ટોઈલેટમાં જઈ ગુપ્ત રીતે ફોટા લેતો હતો. આ ગંભીર અપરાધનો ખુલાસો ત્યારે થયો જ્યારે એક વિદ્યાર્થિનીએ એને ફોટો લેતાં પકડ્યો. શાળાના સ્ટાફે અર્જુનનો મોબાઈલ ફોન જપ્ત કર્યો, તપાસ દરમિયાન એના ફોનમાંથી આવા અનેક ફોટા મળી આવ્યા, જેનાથી કોઈને પણ આઘાત લાગે. જો કે વાત અહીં અટકી નહીં. જે વિદ્યાર્થિનીએ અર્જુનને ઉઘાડો પાડ્યો એને અર્જુને ધમકી આપતાં કહ્યું કે *હું તારો રેપ કરી નાખીશ.* આ ધમકીએ શાળાના વાતાવરણમાં ભય અને ગુસ્સો ફેલાવી દીધો. ભારે હો-હા બાદ અર્જુન સામે પગલાં લેવામાં આવ્યાં.

અમદાવાદની જ ઔર એક જાણીતી શાળામાં તો ફિલ્મી કિસ્સો બન્યો. ધોરણ આઠ અને નવના કેટલાક વિદ્યાર્થીઓએ શાળાના નામે સોશિયલ મિડિયા પર એકાઉન્ટ બનાવ્યું. મોટા ભાગના વિદ્યાર્થીઓ એને નિયમિત જોતા. શરૂઆત રમૂજી રીલ્સ અને મજેદાર લખાણોથી થઈ, પણ પછી એની પર શિક્ષકોની મજાક ઉડાવવાની શરૂઆત થઈ. વાત હદ ત્યારે વટાવી ગઈ જ્યારે પ્રિન્સિપાલ અને શિક્ષકોના અભદ્ર ફોટા એના પર મૂકવામાં આવ્યા.

એક વિદ્યાર્થીએ આ બાબત આચાર્યનું ધ્યાન દોર્યું. તપાસ શરૂ થઈ. ક્રાઈમ બ્રાન્ચની ધમકીથી ડરીને એક વિદ્યાર્થીએ ત્રણ દોષિત સાથીનાં નામ જાહેર કર્યાં. શાળાએ કડક પગલાં લીધાં. એક વિદ્યાર્થીને કાઢી મૂકવામાં આવ્યો, જ્યારે બેને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા. આશ્ચર્યની વાત તો એ છે કે લિવિંગ સર્ટિફિકેટ આપી દેવામાં આવેલા પેલા વિદ્યાર્થીને બીજી શાળામાં ઍડ્મિશન મળી ગયું અને એનાં માતા-પિતાએ એનો જ પક્ષ લીધો.




**ગૌરાંગ જાની: અત્યારની સ્થિતિમાં બાળકને એમ જ લાગે છે કે બધી સમસ્યાનો ઉકેલ હિંસા છે.**



**ડૉ. હંસલ ભચેચ: વધુ ચિંતાજનક વાત એ છે કે બાળકોને ખરાબ વર્તનનો અફસોસ થતો નથી.**



**ધવલ પાઠક: માનસિક આરોગ્ય નિષ્ણાતોને બોલાવીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાની જરૂર.**



**નિકિશા કપાસી: શાળામાં થયેલા અત્યાચારની અસરમાંથી ઘણાં બાળક લાંબો સમય સુધી બહાર આવી શકતાં નથી.**

આ કિસ્સો ડિજિટલયુગમાં બાળકોનાં વર્તન અને શાળાની જવાબદારી પર એક પ્રશ્નાર્થચિહ્ન છે. અમદાવાદના મનોચિકિત્સક-લેખક ડૉ. હંસલ ભચેચ *ચિત્રલેખા*ને કહે છે: 'આજે બાળકો-કિશોરોમાં ગુનાખોરી વધી રહી છે, પરંતુ વધુ ચિંતાજનક વાત એ છે કે એમને એમનાં વર્તનનો અફસોસ થતો નથી. સામાન્ય રીતે આવેગમાં કરેલી ભૂલ પર માણસને પસ્તાવો થાય છે, પરંતુ આજનાં બાળકો-કિશોરોમાં આ લાગણીનો અભાવ છે. ઘણાં બાળકો ઘરમાંથી જ આક્રમકતા શીખે છે. માવતર વચ્ચે ઝઘડા થતા હોય, માતા કે પિતા ગુસ્સામાં મોબાઈલ ફેંકે, તોડફોડ કરે તો બાળક એને અનુસરે છે. નાની ઉંમરે ગાંજો-ચરસ જેવાં વ્યસન એમને વધુ આક્રમક બનાવે છે. એવે વખતે માતા-પિતા એમને સમજાવવાને બદલે એમની ભૂલ છાવરે છે. હિંસક મોબાઈલ ગેમ્સ, ફિલ્મો અને OTT કન્ટેન્ટ બાળમાનસ પર ઊંડી અસર કરે છે, જે ગંભીર પરિણામો તરફ દોરી જાય છે. શાળાઓમાં પણ મૂલ્ય આધારિત શિક્ષણનો અભાવ છે, ચારિત્ર્યઘડતર પર ભાર આપવામાં આવતો નથી.'

એક ઉદાહરણ આપતાં ડૉ. ભચેચ કહે છે: 'પહેલાંની ફિલ્મોમાં વિલન પેટમાં ચાકુ મારીને હત્યા કરતો હોય એવું દેખાડવામાં આવતું, પણ હવે ગળાની નસ કાપવા જેવાં જુગુપ્સાપ્રેરક દૃશ્યો સામાન્ય થઈ પડ્યાં છે. બીજું, આપણે ત્યાં કાયદા છે, પણ એનો અમલ તકલાદી છે. વર્ષો સુધી કેસ ચાલે છે.'

મનોચિકિત્સકો આવી ઘટના માટે ભાંગી રહેલી સંયુક્ત કુટુંબપ્રણાલીને પણ દોષ દે છે. ઘરના વડીલો બાળકોને શિસ્ત, મૂલ્ય શીખવતા. બીજું, એક સમયે બાળકના મિત્રો, સહપાઠીઓને પરિવારના સભ્ય ગણવામાં આવતા. આજે માતા-પિતા બાળકના અભ્યાસ સિવાય એના મિત્રો કે એની ઈતર પ્રવૃત્તિ પર ધ્યાન આપતાં નથી. સંતાનને જોઈએ ત્યારે ને જોઈએ એટલા પૈસા આપીને, એમની આસપાસ લાડ-પ્યારની દીવાલ ચણીને ફરજ નિભાવી લીધાનો સંતોષ લે છે, પણ નીતિમત્તાના પાઠ શીખવવામાં ઊણાં ઊતરે છે.

જરા આ કિસ્સો જુઓ...

માતા-પિતા અને એમનો ટીનએજ છોકરો કારમાં જઈ રહ્યાં હતાં. રસ્તામાં એક વાહન એમની

# સમજણ-સ્નેહ-સંવાદ જરૂરી...





**બાળકોના** વિકાસમાં ત્રણ પરિબળ મહત્ત્વનો ભાગ ભજવે છેઃ એનો ઉછેર, *શાળાની ભૂમિકા* અને *વિદ્યાર્થીની પોતાની જવાબદારી*. પેરન્ટિંગ અથવા ઉછેરનું ખાસ્સું મહત્ત્વ છે, પરંતુ શાળાએ સુદ્ધાં વિદ્યાર્થીઓની સુરક્ષા અને વર્તન પર ધ્યાન આપવું પડશે. માતા-પિતા, શિક્ષકો અને સમાજે મળીને સમજણ, સ્નેહ અને સંવાદ દ્વારા બાળકોનાં મનને ફરીથી કોમળતા અને સર્જનાત્મકતાની દિશામાં વાળવાં પડશે.

**પ્રેમાળ અને સહાયક ઘરનું વાતાવરણઃ** માતા-પિતાએ બાળકો સાથે ખૂલીને વાત કરવી, એમની લાગણી સમજવી અને ઘરમાં ઝઘડા કે હિંસાથી દૂર રહેવું, જેથી બાળકો સુરક્ષિતતા અનુભવે.

**શાળામાં સુરક્ષિત માહોલઃ** નઠારા વિદ્યાર્થીઓની હેરાનગતિ રોકવા શાળાએ કડક નીતિ અમલમાં મૂકવી. શિક્ષકો દ્વારા સતત નિરીક્ષણ અને વિદ્યાર્થીઓ વચ્ચે સમાનતાની ભાવના વિકસાવવી જોઈએ. ધર્મ આધારિત નહીં, પણ નિયમ આધારિત શૈક્ષણિક નીતિ જરૂરી.

**મૂલ્ય આધારિત શિક્ષણઃ** ઘરમાં, શાળામાં બાળકોને સહાનુભૂતિ, સહનશીલતા અને આદર જેવાં મૂલ્યો શીખવવાં, જેથી એ આક્રમકતા ટાળે. શિક્ષણ ઉપરાંત ચારિત્ર્યઘડતર પર પણ ભાર આપવો.

**સોશિયલ મિડિયા અને ગેમ્સ પર નિયંત્રણઃ** હિંસક ફિલ્મો, ગેમ્સ કે એવાં ઘાતક મનોરંજનથી બાળકોને દૂર રાખવા માતા-પિતા અને શાળાએ મર્યાદા નક્કી કરવી જોઈએ.

**કાઉન્સેલિંગ અને માર્ગદર્શનઃ** શાળામાં નિયમિત કાઉન્સેલિંગ સેશન અને મનોવિજ્ઞાનીઓની હાજરી બાળકોની માનસિક સમસ્યાઓને ઓળખી એને ઉકેલવામાં મદદરૂપ થશે.

**આત્મીય સંબંધ અને સમયઃ** માતા-પિતાએ બાળકો સાથે ગુણવત્તાયુક્ત સમય વિતાવવો. એમણે તથા શિક્ષકોએ એવું વાતાવરણ નિર્માણ કરવું, જેથી બાળકો પોતાની વાત-અનુભવ કહી શકે.

**સામાન્ય રીતે ખુશહાલ રહેતા બાળકના વર્તનમાં ફેર જણાય કે એ અચાનક એકાંતમાં રહેવાનું પસંદ કરવા લાગે તો એને ખતરાની ઘંટડી સમજો.**

કારને અથડાયું. પિતાએ થોડી દલીલ કરી કાર આગળ ચલાવી દીધી. ત્યારે દીકરાએ કહ્યુંઃ 'પપ્પા, તમે નક્કામા છો. એને ચાર લાફા મારવા જોઈતા હતા.' પિતાએ એને સમજાવ્યોઃ 'ઝઘડાથી માથાકૂટ થાય, પોલીસસ્ટેશન જવું પડે.' સામે દીકરાએ જવાબ આપ્યોઃ 'પોલીસથી શું ડરવાનું? આજ સુધી પોલીસે કોને કંઈ કર્યું છે? આટલા અકસ્માત થયા. થઈ કોઈને સજા?' છોકરાની વાત સાંભળી પિતા ચૂપ થઈ ગયા.

ઉલ્લેખનીય છે કે *નૅશનલ એજ્યુકેશન પૉલિસી* પ્રમાણે દરેક શાળામાં કાઉન્સેલર ફરજિયાત હોવા જોઈએ. ઘર અને શાળાનું વાતાવરણ તંદુરસ્ત હોવું જોઈએ, કાઉન્સેલિંગને કલંક કે બદનામી તરીકે ન જોવું જોઈએ. બાળકો અને પેરન્ટ્સ વચ્ચે સમજણ વધારવા કાઉન્સેલિંગ આવશ્યક છે.

અમદાવાદની અનેક શાળામાં કાઉન્સેલિંગ સાઈકોલૉજિસ્ટની ભૂમિકા નિભાવતાં નિકિશા કપાસી કહે છેઃ 'આમ તો દરેક બાળક સરખાં હોય છે, પરંતુ અમુક બાળકોને બીજાને ડરાવવા-ધમકાવવામાં આનંદ આવે છે. અંગ્રેજીમાં આને *બુલિઈંગ* કહે છે. ઉપદ્રવી ને બીજા પર અધિકાર જમાવવાની પ્રકૃતિ ધરાવતા વિદ્યાર્થીનો શિકાર બનતાં બાળકોનાં મનમાં જ્વાળામુખી જેવો ગુસ્સો ભરાય છે, જે એક દિવસ ફાટી પડે છે. કાઉન્સેલિંગમાં એ પોતાના અનુભવ અમને કહે છે, જે ઘરમાં અથવા મિત્રો સાથે શક્ય નથી. ખાસ કરીને શરીરનાં અંગઉપાંગો (પ્રાઈવેટ પાર્ટ્સ) વિશે. અમે નઠારા વિદ્યાર્થીના ઉપદ્રવનો પ્રતિભાવ કેવી રીતે આપવો એ શીખવીએ, નહીં કે કેવી રીતે રિઍક્ટ કરવું, જેથી *સેવન્થ ડે સ્કૂલ* જેવી ઘટના નેવું ટકા ઘટી જાય. બૂલી કરનાર, બૂલીનો ભોગ બનનાર બન્નેનું કાઉન્સેલિંગ જરૂરી છે, કારણ કે એમનામાં સહાનુભૂતિનો અભાવ હોય છે.'

એક કિસ્સો વર્ણવતાં નિકિશા કપાસી ઉમેરે છેઃ 'એક વિદ્યાર્થિની શાળામાં સતત હેરાનગતિનો શિકાર બની રહી હતી. એણે આ વાત ઘરે કહેવાનું ટાળી શાળાએ જ જવાનું બંધ કરી દીધું. મારી સાથે બે-ત્રણ સેશન પછી એણે હિંમત કરીને કહ્યું કે એ ભણવામાં હોશિયાર હતી, શિક્ષકો એનું ઉદાહરણ આપીને બીજા વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા. આ વાત કેટલાક સહપાઠીઓને ગમી નહીં, એમણે ભેગા મળીને એને મારવાનું, હેરાન કરવાનું શરૂ કર્યું. માતા-પિતા માટે એનું ભણતર અને ઉચ્ચ ગુણાંક જ મહત્ત્વનાં હતાં, પરંતુ એ ઘરના એકાંતમાં રડતી હતી, એના પર એમનું ધ્યાન ન ગયું. ધીમે ધીમે એણે જમવાનું છોડી દીધું, એ ગંભીર માનસિક આઘાતમાંથી પસાર થઈ રહી હતી. બુલિઈંગની (હેરાનગતિની) ઘટનાને ઘણો સમય થઈ ગયો, છતાં આજેય એનું કાઉન્સેલિંગ ચાલે છે. શાળામાં થયેલા અત્યાચારની અસરમાંથી એ હજી બહાર આવી શકી નથી.'



**સ્કૂલમાં બીજા વિદ્યાર્થીઓની હેરાનગતિ સહન કરવી પડી હોય એ બાળકો જતેદહાડે સંવેદનશીલતા ગુમાવી બેસે છે અને બદલાની ભાવનાથી પણ પીડાય છે.**

અમદાવાદના પ્રસિદ્ધ શેઠ સી.એન. વિદ્યાલયના પ્રિન્સિપાલ ધવલ પાઠક કહે છેઃ 'સેવન્થ ડે સ્કૂલવાળા કિસ્સાનું પુનરાવર્તન અટકાવવા શાળાઓએ પગલાં લેવાં જોઈએ. ખાસ તો, વિદ્યાર્થીઓ ક્લાસ રૂમની બહાર હોય એ સમયે, જેમ કે રિસેસ, નાની રિસેસ અથવા અન્ય પ્રવૃત્તિઓમાં એમને સતત નિરીક્ષણ હેઠળ રાખવાં જોઈએ. એ માટે સ્ટાફની હાજરી ફરજિયાત બનાવવી જોઈએ, જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને.'

ધવલભાઈ ઉમેરે છે કે આ વ્યવસ્થા તો માત્ર એક ભાગ છે. એમાં માનસિક કારણ પણ મહત્ત્વનાં છે. આવી ઘટનાઓથી વિદ્યાર્થીઓની સહનશક્તિ ઘટે છે. શાળાઓએ પ્રાર્થનાસભા અથવા અન્ય કાર્યક્રમોમાં બહારના ગેસ્ટ, મનોવિજ્ઞાની અથવા માનસિક આરોગ્ય નિષ્ણાતોને બોલાવીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવું જોઈએ. વિદ્યાર્થીઓ જે રમત રમે છે એમાં ટાર્ગેટ કરવાની પ્રવૃત્તિ એમનાં અર્ધચેતન મનમાં અસર કરે છે. પ્રાર્થનાસભામાં આ વિષયો પર ચર્ચા થવી જોઈએ. આવી ઘટના અચાનક નથી બનતી. વિદ્યાર્થીઓના સંકેતો ક્લાસ ટીચરને મળી જ જાય છે. સમજદાર શિક્ષક તરીકે તાત્કાલિક પગલાં લઈને વિદ્યાર્થીઓ વચ્ચેની સમસ્યાને ન્યુટ્રલાઈઝ કરવી જોઈએ, જેથી વાત આગળ ન વધે. વિદ્યાર્થીઓ મોબાઈલ ફોનમાં જે જુએ છે એને સેન્સર કરવાની જવાબદારી શાળા અને માતા-પિતા, બન્નેની છે. કોર્સ પૂરો કરવા સુધી જ વાતને સીમિત ન રાખી વધુ સજાગ બનવું પડશે. વિદ્યાર્થીઓ સાથે આત્મીયતા વધારી, એમના પ્રશ્નો સમજી અને આવી ઘટના અટકાવવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે.

૨૦૨૨ના નૅશનલ ક્રાઈમ રેકૉર્ડ બ્યૂરોના આંકડા જોઈએ તો, ગુજરાતમાં જુવેનાઈલ ક્રાઈમના ૧૫૪૬ કેસ નોંધાયા, જેમાં હિંસક ગુનાઓનું પ્રમાણ ૨૫-૨૮ ટકા જેટલું હતું. ૨૦૨૩માં આ આંકડો વધીને ૧૬૫૨ કેસ પર પહોંચ્યો. આમાં હત્યા, હિંસક હુમલા અને સાઈબર હિંસા જેવા કેસમાં વધારો જોવા મળ્યો. અમદાવાદ અને સુરત જેવાં શહેરોમાં આવા કેસોની સંખ્યા સૌથી વધુ નોંધાઈ છે. ૨૦૨૪ના આંકડા હજી આવ્યા નથી. જો કે જાન્યુઆરીથી જુલાઈ, ૨૦૨૪ સુધીના સમયગાળામાં ૯૫૦ કેસ નોંધાયા હતા. ૨૦૨૪ના આખા વર્ષના આંકડા ૧૭૦૦ કેસ સુધી પહોંચવાની શક્યતા છે.

આ આંકડા અને શાળાઓમાં અવારનવાર બનતી હિંસક ઘટના સાબિત કરે છે કે હવે સમય આવી ગયો છે બાળકોને યોગ્ય માર્ગ ચીંધવાનો. અત્યાર સુધી યુવાધન બચાવવા પાછળ પાગલ થયેલા સમાજે હવે બાળકોનું બાળપણ બચાવવાના પ્રયાસ કર્યે જ છૂટકો છે, જેમાં માતા-પિતા, પરિવાર, શાળા અને સમાજ બધાંએ સાથે મળીને કામ કરવું પડશે. □

પૂરક તસવીરોઃ **પ્રજ્ઞેશ વ્યાસ**

